# સ્તેફન - પવિત્ર આત્માથી ભરપુર માણસ

પ્રભુ પવિત્ર આત્મા આપણ બદલાણ કરે અને આપણને દોરે

જેઓ બાળકોને શિક્ષણ આપે છે તેઓ H5b વાંચે અને તેનો અભ્યાસ કરે.



**પ્રાર્થના :** પ્રભુ પવિત્ર આત્મા તમારું મન નવું કરાવે અને ખ્રિસ્તના જેવા બનાવે.

**પાશ્ચાદ્‌ભૂમિકા :** યોહાન ૧૪- ૧૬માં ઈસુએ કહ્યું કે હું સ્વર્ગમાં જઈને હું બાપને વિનંતી કરીશ ને તે તમને તમારી પાસે સદા રહેવા બીજા સંબોધક આવશે. પ્રભુ ઈસુ જેવું શરીર પવિત્ર આત્મા પાસે ન હતું. પવિત્ર આત્મા આપણામાં રહે છે. ૧ કોરં. ૬ :૧૯ અને યોહાન ૧૪ :૧૭). તે ક્યાં છે ? તમારામાં ! તે તમને દોરે છે. તે તમને મદદ કરે છે. શું સાચુ છે અને શું ખોટું છે તે દર્શાવે છે. (યોહાન ૧૬ :૮ -૧૩)

**૧. સ્તેફન પાસેથી પવિત્ર આત્મા ને આપણામાં કાર્ય કરવા દેવાનું શીખો.**

પ્રેરિતોનાં કૃત્યો ૬ :૧ -૭ માંથી શોધો - સ્તેફનનું કામ યરૂશાલેમની મંડળીમાં શું હતું ?

પ્રેરિતોના કૃત્યો ૬ :૩ આ કામને માટે કેવા માણસો પસંદ થયા તે શોધો

પ્રે.કૃ.૬ :૮-૧૬ કેવા માણસોએ સ્તેફન વિરુદ્ધ આપી ?

સ્તેફનનો સંદેશામાં ઈસ્ત્રાએલના ઈતિહાસનો ક્રમ પૂછો. પ્રે.કૃ. ૭

પ્રે.કૃ. ૭ :૫૭-૫૯ કેવી રીતે આગેવાનો એ સ્તેફનના શબ્દોનો પ્રતિભાવ આપ્યો તે શોધો.

પ્રે. કૃ. ૭ :૬૦ સ્તેફને તેઓના ગુસ્સાનો અને હિંસાનો કેવો પ્રતિભાવ આપ્યો તે શોધો.

પ્રભુ ઈસુ ખ્રિસ્તમાં માનનારાઓ માટે પવિત્ર આત્મા આઠ વાત કરે છે તે શોધો.

૧) યોહાન ૧૪ :૨૬ માં કેવી રીતે તે સમજવામાં મદદ કરે છે.
૨) યોહાન ૧૬ :૮માં આપણા વિષે શું દર્શાવે છે.
૩) પ્રેરિતોના કૃત્યો ૧૮માં આપણને કામ કરવા શક્તિ આપે.
૪) રૂમી ૮ :૧૧-૧૪માં આપણા માટે તે શું કરે છે ?
૫) રૂમી. ૮ :૧૫-૧૭માં આપણને શાની ખાત્રી આપે છે ?
૬) એફેસી ૧ :૧૩-૧૪માં તે આપણને સાર્વકાલિક મુક્તિ માટે કેવી ખાત્રી આપે છે ?
૭) કોરંથી ૧૨ : ૧ -૧૨ તે આપણને સેવા માટે કેવા સજ્જ કરે છે ?
૮) કોરંથી ૧૨ :૧૩ તે આપણને કાયમ માટે ક્યાં મુકે છે ?

*(જવાબો :*

*૧) પવિત્ર આત્મા આપણને બધું શીખવાડે છે (આપણા મગજને પ્રકાશિત કરે છે)*
*૨) તે આપણા પાપોની વિષે ખાત્રી કરાવે છે.*
*૩) ખ્રિસ્ત માટે અસરકારક સાક્ષી માટે શક્તિ આપે છે.*
*૪) તે આપણને નવી પવિત્ર જીવન આપે છે (નવો જન્મ પ્રભુમાં નવું પવિત્ર જીવન)*
*૫) આપણે ઈશ્વરના પુત્ર અને ઈસુમાં સ્વર્ગીય વારસો છીએ તેની ખાત્રી આપે છે.*
*૬) તે આપણને સ્વર્ગીય વારસાની ખાત્રી આપી મુદ્રા લગાવે છે.*
*૭) તે આપણને ખ્રિસ્તના સાર્વત્રિક શરીરમાં બાપ્તિસ્મા આપે છે.*
*૮) તે આપણને જુદી જુદી આત્મિક ભેટો શરીરની ઉન્નતિ માટે આપે છે.*

**૨. આગામી સપ્તાહની પ્રવૃત્તિઓ માટે**


- સહકાર્યકરો સાથે આયોજન કરો. જેઓ ને ખરેખર પવિત્ર આત્માને પ્રાપ્ત કર્યો નથી તેવા વિશ્વાસીઓની મુલાકાત તેઓ માટે પ્રાર્થના.
- જેઓ હજુ સુધી પવિત્ર આત્માના કાર્ય વિષે સમજણ ન પડી હોય તેઓને ઉપરોક્ત આઠ વાત વિષે વધારે સ્પષ્ટીકરણ આપી પવિત્ર આત્મા આપણા માટે શું કરે છે તે વિષે સમજાવવું.

**૩. આગામી ભજન સેવા માટે સાથી કાર્યકરો સાથે આયોજન કરો સ્થાનિક લોકોની જરૂરિયાત પ્રમાણેની પ્રવૃત્તિ કરો.**

પવિત્ર આત્મા આપણને બદલે અને વિશ્વાસુ સેવકો બનાવે તે માટે ભજન સેવા દરમ્યાન પ્રાર્થના કરશો.

ગયા અઠવાડિયે પવિત્રઆત્મા થી લોકો વિજયી થયા અને સાજાપણું મળ્યું તે માટે ઈશ્વરની સ્તુતિ કરો. આત્માના ફળોની વાતો કરો અથવા ગાઓ. પવિત્રઆત્માથી જે પવિત્રાઈના નવ ફળો પામ્યા તે વિષે કાવ્ય લખવાનું કહો. આ ગલાતી ૫ : ૨૨-૨૩ માં દર્શાવ્યા છે. આ કાવ્ય નો રાગ બધા ગાઈ શકે તેવો હોવો જોઈએ. સ્તેફનની વાર્તા કહો. પાછળથી બાળકો નાટક ભજવે પ્રેરિતોના કૃત્યો ૬ અને ૭ (ભાગ-૧) વિષે વિશ્વાસીઓને પ્રશ્નો પૂછો.

પવિત્ર આત્મા કેવી રીતે આપણું હૃદય પરિવર્તિન કરે છે તે દર્શાવો. બે પુરૂષોને શોધક અને દ્વારપાળના પાત્ર ભજવવાનું જણાવો. શોધક તેના ખમીસ ઉપર નીચે મુજબ સાપનું ચિત્ર લગાવે.



**દ્વારપાળ** (એક બાજુ ઊભો રહીને મોટે સાદે બોલે)

**શોધક** : દ્વારપાળ તરફ ચાલો. દરેકને સાપ જોવા દો. મોટેથી બોલો ''દ્વારપાળ મને સ્વર્ગી રાજ્યમાં પ્રવેશવા દો.''

**દ્વારપાળ** : શ્રી શોધક તમારા હૃદયમાં મલિન વસ્તુઓ હોવાથી પ્રવેશી નહિ શકો.

**શોધક** : પણ હું કેવી રીતે મારા હૃદયના પાપો દૂર કરી શકું ?

**દ્વારપાળ** : (૧ યોહાન ૧ : ૭ - ૯ મોટેથી વાંચે)

**શોધક** : ''હું મારા પાપો કબુલ કરું છું ઈસુને કહો મને માફ કરે.'' (સાપને દેખાડીને)પણ હું કેવી રીતે મારા હૃદય અંદરની આ કદરૂપી વસ્તુ દૂર કરી શકું ?

**દ્વારપાળ** : તમે શેતાન ઘરડા સાપને જ્યારે હજુ સુધી અનુસરવાનું ચાલુ રાખ્યું હોવાથી, તમારા પાપો માફ થયાં છતાં પણ તમે દેવના રાજ્યમાં (સ્વર્ગમાં) પ્રવેશી શકશો નહીં. ઈશ્વર તમને દુષ્ટ વિચારો સાથે સ્વર્ગમાં પ્રવેશ ન આપી શકે. પવિત્ર આત્માને તમારું હૃદય પરિવર્તન કરવા દો. (વાંચો ગલાતી ૫ :૧૬-૨૪).

**શોધક** : ''શ્રી દ્વારપાળ, હું ઈસુને તેના લોહી વડે મારા પાપ માફ કરવા કહીશ. મારા પાપી સ્વભાવને વધસ્તંભ ઉપર જડવા અને મારી અંદર ભલાઈ અને પ્રેમ લાવવા મને હવે પવિત્ર આત્મા મદદ કરે

છે. (સાપનું ચિત્ર ફેંકી દો)

**દ્વારપાળ** : ''સ્વર્ગી રાજ્યમાં પ્રવેશો.''

બધા સાથે યોહાન ૧૪ :૧૫-૧૬ **મુખપાઠ કરો.**

બાળકોને સ્તેફન અંગેનું નાટક રજુ કરવા કહો અને તેઓ જે તૈયારી કરીને આવ્યા છે તેમાંથી પ્રશ્નો **પૂછો.**

સૂચિમાંની આઠ વાતો, પવિત્ર આત્મા આપણા માટે કરે છે. તેની **ચર્ચા કરો** (ભાગ -૧)

ઈસુ મૃત્યુ પામ્યા તેની અગાઉની રાત્રે અને જતાં પહેલાં શિષ્યોને જે કહ્યું તેનું વર્ણન કરો. તમારો પ્રિય મિત્ર તમને છોડીને જતાં રહે તો તેમને કેવી લાગણી થાય ?

ઈસુ અને પવિત્ર આત્મા દ્વારા ઈસુની ઓળખનો મર્મ રજુ કરો. યોહાન ૧૪ : ૧૫- ૧૭ વાંચો.

- ઈસુએ તેઓને કહ્યું હું તમને એકલા છોડીશ નહિ. હું તમારી મધ્યે સંબોધકને મોકલી આપીશ.
- ઈસુએ વચન આપ્યું ''હું તમને અનાથ છોડીશ નહિ. હું તમારી પાસે આવીશ. (યોહાન ૧૪ :૧૮).
- યોહાન ૧૬ :૧૩-૧૫ વાંચો. ઈસુએ કહ્યું, ''હું અને તમે એક જ છીએ, યોહાન ૧૦ :૩૦. તેણે એમ પણ કહ્યું, ''હું અને પવિત્ર આત્મા એક છીએ,'' પ્રભુ બાપ, પ્રભુ પુત્ર અને પ્રભુ પવિત્ર આત્મા. જો કે આ ત્રણ અલગ વ્યક્તિઓ એક જ છે. એક ઈશ્વરમાં ત્રિએક દેવ.

પ્રભુ ભોજનની શરૂઆત, જુના કરારમાં યાજકોએ પવિત્ર રોટલી લોકોને પીરસતા અને પ્રભુની મેજ ઉપર રોટલી રાખતા (નિર્ગમન ૨૫ :૩૦). અમે પણ પ્રભુની હાજરીમાં રોટલી ખાઈશું. અને આજ ફરી ''હલવાનના લગ્ન જમણ'' સ્વર્ગમાં ખાઈશું.